વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૫ : અંક - ૧૯ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ઑક્ટોબર - ૬, ૨૦૧૬

# બાળવિવાહ હજુ ય અટકતા નથી...

અમારાં ગાંધીનગર જિલ્લાની દહેગામ તાલુકાની પ્રતિનિધિ મંડળની મીટિંગમાં અમે ઘણીવાર બહેનોની સાથે-સાથે દીકરીઓને પણ બોલાવીએ છીએ. દીકરીઓ પરિચય આપતી હતી ત્યારે ધ્યાનથી જોયું તો નાની નાની દીકરીઓના માથે સિંદુર લગાવેલું હતું. દીકરીઓ માંડ ધો. ૧૦ કે ૧૨ ભણેલી હોય. ૧૬-૧૭ વર્ષની આ દીકરીઓમાં ઘણી દીકરીઓ તો એક બાળકની માતા પણ હતી.

જે દીકરીઓની રમવા-ભણવાની ઉંમર છે એમને ઘરસંસારના ચક્કરમાં પીસાતા જોઈને હૈયુ હચમચી જાય. દીકરીઓ જોડે વાતો કરી ત્યારે એમની કાચી ઉંમરે લગ્ન ને એ પછી થતી શારીરિક તકલીફો જાણવા મળી. જિલ્લાની વાતો કરતાં જાણ્યું કે કાચી ઉંમરની સુવાવડમાં ઘણીવાર તો દીકરીનું મોત પણ થાય છે.

**ગામેગામની આ છે વરવી વાસ્તવિકતા...**

- બારડોલી ગામમાં ૧૬ વર્ષની એક દીકરીના લગ્ન થઈ ગયા. બીજા વર્ષે તો તે મા પણ બની ગઈ, દીકરો બે વર્ષનો થયો અને ૧૮ વર્ષે તો બીજા બાળકની મા બની ગઈ.
- પ્રાંતિયા ગામમાં એક સાથે એક જ માંડવે ૧૦ વર્ષ, ૧૫ વર્ષ અને ૧૭ વર્ષની ત્રણ દીકરીઓને પરણાવી દીધી. એક ખર્ચે કામ પતે બસ આ જ આશય હતો. દીકરીઓનું જે થવું હોય એ થાય. એક દીકરી ૧૭ વર્ષે મા બની ગઈ. ત્રીજી પ્રસુતિમાં તો બહું જ નબળાઈ આવી ને દીકરીનું મૃત્યુ થયું. ત્રણ બાળકો મા વિનાના થયા.
- પ્રતિનિધિ રોશનબહેને સાણોદા ગામની વાત કરી. ૧૬ વર્ષની દીકરીના બાળલગ્ન થયા અને ૧૮ વર્ષે તો એક દીકરો પણ આવી ગયો. એમાં પણ પારિવારિક અને સામાજિક પ્રશ્નો થયા અને હવે છૂટાછેડાની વાત ચાલી રહી છે.
- જમીયતપુરા ગામમાં પણ એક દીકરીનું ૧૫ વર્ષની ઉંમરે લગ્ન કર્યું ને થોડાં વખતમાં દીકરીનું અવસાન થયું. હવે મા-બાપ પસ્તાય છે. પણ એનો શું અર્થ ? દીકરી તો આ દુનિયામાં રહી નહીં.
- મોટી આદરજ ગામમાં પણ બાળલગ્નનું પ્રમાણ વધુ છે. એમાં પણ એક ખર્ચામાં દીકરીઓને પરણાવી દેવાનું ચલણ તો એટલું જ છે. નાની ઉંમરે લગ્ન ને પછી છૂટાછેડા, કાં તો પ્રસુતિમાં દીકરીઓના મરણ.

ખબર નહીં આ સમાજ ને પરગણના કુરિવાજોમાંથી દીકરીઓ ક્યારે છૂટશે ?

- તારા (ગાંધીનગર જિલ્લો)

❑

# ગ્રામ્ય જીવનના બદલાતા રંગ રાજી કે રંજ, શું કરવું

શહેરનું જીવન, શહેરમાં વસતાં કુટુંબોની રહેણીકરણી એ આદર્શ છે. આપણાં ગ્રામવાસીઓના મનમાં થાય કે શુધ્ધ હવા, પાણી ને ખોરાક હજી પણ ગ્રામવાસી મેળવે છે અને તેઓ કેટલા નસીબદાર છે તેનો તેમને અહેસાસ નથી.

આજથી ૨૦ વર્ષ પહેલાં ગામોમાં બસ જ મુખ્ય સાધન હતું. હવે બસ તો ભાગ્યે જ વપરાય, મોટા ભાગે ગામે ગામ છકડા, તો કેટલીયે મોટરસાયકલો ગામમાં આવી ગઇ અને એથીય વધારે જીપો એટલે ગામડેથી શહેરમાં જવું સરળ થઇ ગયું.

આજે ઘરમાં બે કે ત્રણ દીકરા હોય, તો જે થોડું ભણેલ દીકરો હોય તે ગામમાં રહે ને ખેતીવાડી કે પશુપાલન સંભાળે. બાકીનો ભાઇ કે ભાઇઓ શહેર ભણવાને પછી જે કોઇ નોકરી મળે તે કરે. ગણતરી એવી છે કે, વરસાદ આધારિત ખેતીમાં અનિશ્ચિતતા બહુ રહે, જોખમ વધારે એટલે બીજી નોકરી કે કામમાંથી આવક ચાલુ રહે. પણ શરૂઆતમાં તો ખર્ચો જ ખર્ચો પછી ખ્યાલ આવે કે નોકરી એમ સહેલાઇથી જડતી નથી. જે સધ્ધર કુટુંબ હોય તે કાંઇક ધંધો શરૂ કરે. આ ગણિત કેટલું સાચું બેસે એ તો જે તે ઘર જ જાણે. પણ આમ લાગે છે, છેવટે તો દશા એવી થાય કે ધોબીનો કુતરો નહી ઘરનો કે નહી ઘાટનો.

હવે અડધું કુટુંબ શહેરમાં ને અડધું ગામમાં એટલે રીવાજો બદલાય. કમળાબા કહે- ''આ અમે તો સવારમાં ચાહને મકાઇના રોટલા જ ખાતા. ઘઉંના પણ રોટલા જ. પણ હવે આ છોકરાં નિશાળે જાય, ડબ્બામાં લઇ જાય એટલે રોજ નવું નવું. રોટલા તો મળે જ નહી, નાના ડબ્બામાં માંય એવી ઢબુડી રોટલીને નહી તો હું કહે મને તો નામે યાદ નથી રહેતું, આ પુરીઓ અને રોટલી''.

હવે તો ગામોમાંય બેકરીના બન મળે એટલે ખેતરે જતાં પહેલાં ચાહ કે દૂધને રોટલાની જગ્યાએ ચાહ ને બન ખાઇને જાય!!

આ હવે તો નિશાળે જાય એટલે છોકરીઓ ઘાઘરાને કમખા પહેરે ને છોકરાઓ કેડિયાને વામણા. પણ હવે તો માસ્તરો જ કહે આવું પહેરીને નિશાળે નહી આવવાનું શરૂમાં અડધું લાગે પણ છોકરીઓ ને છોકરાઓ પંજાબી ને પેન્ટશર્ટ પહેરતાં ટેવાઇ ગયા. હવે ઘાઘરા ને કેડિયા ગયા. એ તો મોટાઓ પહેરે. નવી પેઢીના દરજીઆને હવે તો કેડિયા ને વામણા શીવતાય નથી આવડતા, ગામમાં દરજી જ ક્યાં છે ?!

બીજી પેઢીના નામો તો તોય-શંકર, આલો, કરસન, બધી, હખી, કમી જેવા સંભળાય. પણ ત્રીજી પેઢીના તો નામો ક્રિશ, હેતલ, સીમા, પિંકી અને રીટા પણ જમુ કહે એ એની માને આ નામ મળે અમે તો કીશન, કેતી એમ જ કહીએ.

મોંઘવારી પણ પાછી તેમાં જોર કરે, હવે તો મહેમાન આવે તો ચાહ કે કાવાની જગ્યાએ પેપ્સી આવી ગઇ. ૧૫ કે ૨૦ રૂ.ની બોટલ ને નાના પ્લાસ્ટીકના કપમાં કામ પતી ગયું. ૧ બોટલમાંથી ૧૦ થી ૧૨ મહેમાન તો ઓછામાં ઓછા પી લે. નહી લાકડાં કે ચૂલો કે કપ-રકાબીની માથાકૂટ !

એક આખો દિવસ ગામમાં ફરતાં ને બેસતાં ખૂબ દ્વીધા ઊભી થઇ. આને વિકાસ કહેવાય ? આવો જ વિકાસ જોઇએ. આ તો બળવાન કંપનીઓ જે ગામમાં પહોંચી તે ગયું. હા, ટી.વી. ને મોબાઇલ તો ખરા જ. ઘેર ઘેર કાથીવાળા ખાટલા ફળિયામાં ને ઘરમાં ફોરમાયકાના ખાટલા ઉપર ગાદલા, પંખો તો કોઇક ઘેર તો કુલર પણ. બપોરે ગામમાં કોઇ ચોરે જોવા ન મળે, બધાં ઘરમાં પંખો કરી ટી.વી. જોતાં હોય. હવે આપણે બપોરે ગામ પહોંચીએ તો કિંમત એવી થાય કે બિચારીને નોકરીમાં ફરવું પડે એટલે શું થાય ? તો કોઇક જિલ્લામાં સામે પૂછે તમારે તો એરકન્ડીશન હશે, આ પંખામાં ફાવશે ?

કચ્છ, પાટણમાં જે સુંદર હાથ કારીગરી હતી, હવે તો સનેડા ઘાઘરા ને સનેડાના સેટ આવી ગયા.

વરરાજા એરકન્ડીશન ગાડીમાં પરણવા આવે ને ડીજે હોય!

ખેર વિનાશ કાળે વિપરીત બુધ્ધી.

એવું પણ કેટલીય રાહ પછી સંભળાય-ખેતી નર્મદાના પાણીથી સુધરી. બહેનો ભાગવી જમીન રાખી મોટી મોટી ખેતીને પશુપાલન કરે, તેથી દીકરીઓ ભણે છે. કોઇ પોલીસમાં તો કોઇ બેંકમાં તો કોઇ જાહેર આરોગ્ય કેન્દ્રમાં કામે જાય છે. રોજ અપ-

ડાઉન ફાવે નહીં એટલે મા કે દીકરી કે બાપ કે દીકરી જ્યાં નોકરી હોય ત્યાં રહે ને બાકીના ગામમાં રહે. તો હવે તો — ખેતીમાં પણ હવે કઠોળ, ધાન, કપાસની સાથે અવનવા ફળો-દાડમ, જામફળ અને શાક પણ અજમાવે છે.

ગામડામાં કેટ-કેટલાં સાહસ કરે છે કુટુંબો, ખૂબ મહેનત કરે છે, પણ માહિતી- સાચી જાણકારી સમયસર મળતી નથી અને બજાર જોડાણ નથી. આજ મોટી ખામી કે દરેકે દરેક વ્યક્તિની ઉદ્યોગ સાહસીકતાને સલામ કરવી ઘટે!

દીકરાઓ ગામડામાંથી રશિયા, થાયલેન્ડ, સિંગાપોર પણ જાય છે. આગળ ભણવા અથવા તો નોકરી અર્થે, અને હવે છેલ્લા બે વર્ષમાં તો બહેનો પણ દુબઇ, સિંગાપોર, ઇઝરાયેલ, ડોમેસ્ટીક હેલ્પ ઘરમાં કામ, રસોઇ, બાળકોને રાખવાના કામથી પણ જાય છે!!

આજના ગામનો આંખે દેખ્યો આ હેવાલ છે.

- **રીમા**

❑

# અમે પાર કરીશું... અમે પાર કરીશું...

હા, હવે અમે પાર કરીશુંથી FAOનો ઑસ્ટ્રેલિયા હોલ ગુંજી ઉઠયોં. 'સેવા'ની ૩ દાયકાની ખેતી ઝુંબેશ-ખેડૂત ભુખ્યો કેમ ? આટઆટલી મહેનત કરે, સાહસ અને જોખમો ઝેલે છતાં ખેડૂત ભૂખ્યો કેમ ? જે ખેડૂત ધન પકવે તે જ ગરીબ રહે. તેને જ ભૂખમરો સહન કરવો પડે. આજે ૨૧ મી સદીમાં પણ, ખેર પણ આજે હવે રોદણાં નથી રોવાં સેવા સંગઠનના ૨ લાખથી પણ વધુ નાના શ્રમિક ખેડૂતોએ એનો જવાબ મેળવ્યો છે. ખેડૂત તેની ખેતી ને એક લઘુ ઉદ્યોગ (Enter Prise)ની જેમ વિકસાવે છે અને ગરીબ અને ભૂખમરામાંથી મહિલા ખેડૂતો માટે ટકાઉ અને ફાયદાકારક બને છે. આ કઇ રીતે ખેતી અને નાણાંકીય સેવા ''ખેતી અને મેનેજમેન્ટ'' આ ત્રણે સંકલીત રીતે ખેડૂતને મળે છે, જરૂરિયાત મુજબ, ત્યારે મહિલા ખેડૂતો માટે ખેતી એક ઉદ્યોગ સમાન બને છે.

'સેવા'ના સભ્ય ખેડૂત બહેનો સંગઠિત થઇ પોતાના ખેડૂમંડળ ગામડે ગામડે રચે છે. આ ખેડૂમંડળોના જિલ્લા કક્ષાના એસોસિએશન કે મંડળીઓ છે. અને રાજ્ય કક્ષાની ખેતીની સપ્લાય ચેઇન અને પોતાનું રૂરલ ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક (રૂડી) છે. જેના વડે ખેડૂત બહેન પોતે જ ખેતીના ધંધાના માલિક, મેનેજર છે. ગામડે ગામડેથી ખેડૂમંડળો દ્વારા નાન ખેડૂતનું ઉત્પાદન ખરીદે છે. જિલ્લા એસોસિએશનના પ્રોસેસીગ સેન્ટરોમાં તેનું પ્રોસેસીગ ને પેકિંગ થાય છે. ગામડે ગામડે ને ઘેર ઘેર આ 'રૂડી'નો પોષાક અને ગુણવત્તા વાળું અનાજ, કઠોળ, મસાલા રૂડી બહેનો પહોંચાડે છે.

આ આખી સપ્લાય ચેઇનમાં મબલખ રોજગારી છે. આવકને રોજગારીની સલામતી અને પોષણની સલામતી જળવાય છે. ખેતી ઝૂંબેશમાં 'રૂડી' અને સેવા મેનેજરની સ્કૂલ તથા જિલ્લા એસોસિએશને જોડે રહી ખેતીના જ્ઞાન વિજ્ઞાન કેન્દ્રો ઉભા કર્યા. આ જ્ઞાન વિજ્ઞાન કેન્દ્રો દ્વારા નાના નાના મહિલા ખેડૂતો જે કૌટુંબિક ખેતી કરે છે. તેને મજબૂત અને ટકાઉ કરવા 'ખેતીશાળા'ઓ શરૂ કરી. જોડે જોડે સાધન-ઓજારની લાયબ્રેરી આના વડે નાના અને કૌટુંબિક ખેતી કરતા ખેડૂતને ઘેરબેઠા ટેકનીકલ જાણકારી, ખેતરના મેનેજમેન્ટની સેવા, જરૂરી સાધનો જેવા કે પમ્પ, ઓરણી, ટ્રેક્ટર, થ્રેશર, હલર, રોટોબેટર બધું મળી રહે. જમીનની ચકાસણી થાય. અને તેના આધારે જમીનમાં જરૂરી માઇક્રોન્યુટ્રીઅન્ટ અને ખાતર વાપરવાની સમજ એટલે જમીનની ફળદ્રુપતાને ઉત્પાદકતા બન્ને વધે.

સાથે સાથે બિયારણ બેંક પણ ચાલે. જેના દ્વારા ખેડૂતને જરૂરી ગુણવત્તાવાળું ને સર્ટીફાઇડ બિયારણ મળે. વર્ષો વર્ષ બિયારણ બેંકમાં બીજ ઉપલબ્ધ થાય એટલે સીડ પ્લોટ પણ તૈયાર થાય ને પ્રમાણિત થાય તો નાના ને કૌટુંબિક ખેતી કરતા ખેડૂતને સમયસર નાણાં મળી રહે તેથી ખેડૂમંડળ ધિરાણ આપે. સાથે સાથે વીમો પણ લે. વાતાવરણ, તાપમાન, રોગ, જીવાત તેના રક્ષણની માહિતી સમયાંતરે વોઇસ મેસેજ અને રેડિયો, વોટસ્એપ દ્વારા આપે.

આમ નાના મહિલા ખેડૂત અને કૌટુંબિક ખેતી કરતા ખેડૂતની ખેતીને મજબૂત કરે છે. વાતાવરણમાં જે ધરખમ બદલાવ અનુભવાય છે. તેની સામે ટકી રહે તેવી ખેતી માટે હવે કામ કરવાનું છે.-ખેડૂત બાયોટેક્નોલોજીનો ઉપયોગ ક્યાં અને કેવો કરે.

સેટેલાઇટ અને નવી IT ટેક્નોલોજી વડે ખેતી માટે જરૂરી જાણકારીને માહિતી ચોક્કસ અને ઝડપથી ખેડૂતો ને મળતી થાય. ટેક્નોલોજી વડે ઓનફાર્મ, એગ્રોને ફૂડ પ્રોસેસીગ પણ ખેડૂતોને ખેડૂમંડળો કરી શકે.

ખેડૂત પોતે ઓનલાઈન સીધું બજાર ઉભું કરી શકે. તો જ યુવાનો માટે ખેતી એક ડીસન્ટ અને ડીઝીફાઈડ વ્યવસાય નબી રહેશે અને યુવાનો ખેતીમાં આકર્ષાષે, ખેતીને ટકાવશે ને વિકસાવશે. સેવાની ખેતી ઝૂંબેશનો આ અનુભવ સંયુક્ત રાષ્ટ્રનું Food And Agriculture Organization (FAO) ૨૦૦૯ થી ૨૦૧૨ સુધીમાં તેના ૫૦ જેટલા સીનીયર મેનેજરોને સેવામાં EDP (Exposure and Dialogue) માં મોકલ્યા. આ બધા મહિલા ખેડૂતના ઘરે રહી, 'સેવા'ની ખેતી ઝૂબેંશનો અભીગમ ઝીણવટથી સમઝ્યા.

૧૩ સપ્ટેમ્બર ૨૦૧૬ ના FAO ના મુખ્ય મથક રોંમ ખાતે સેવા જોડે ભાગીદારીનું MOU સહી કર્યુ. વિશ્વભરમાં સેવાનો ખેતીઝૂંબેશનો અભીગમ-મહિલા ખેડૂતોનું સશક્તિકરણ, સપ્લાય ચેઈન વિકસાવવી, નાણાંકીય સેવા કેવી અને કઈ રીતે પહોંચાડવી. યુવાનો ખેતીના ધંધામાં આકર્ષવા અને સાંકળવા. 'રૂડી' અને સેવા મેનેજરની સ્કૂલ જેવા માળખા રચવા ઉપર આ ભાગીદારીમાં ખાસભાર આપવામાં આવશે.

આ તબક્કે 'સેવા'ના પ્રમુખ કપિલાબહેન વણકરે જે પોતે એક નાના મહિલા ખેડૂત છે. તેમના અનુભવ કહયાં. ૧ એકર જમીનમાં ડાંગર ઉગાડતા પણ ખેડૂમંડળમાં જોડાયા, બચત કરતાં થયાં, સેવા મેનેજરની સ્કૂલમાં પોતાના ખેતરનું પ્લાનીગ અને મેનેજમેન્ટ તાલીમ લઈ શીખ્યાં અને ખેતી બદલી. ડાંગરમાંથી લીલીના ફૂલ ઉગાડવાનું શરૂ કર્યુ.

શરૂઆતમાં ફૂલ ગામના વેપારીને વેચી દેતા, પણ ખેડૂ મંડળમાંથી લોન લઈ મોબાઈલ ફોન ખરીધ્યો. હવે પોતેજ વડોદરા, અમદાવાદ, વારુદ બધી બજારમાં વેપારીને ફોન કરી ભાવ જાણતાં અને જ્યાં વધારે ભાવ મળતો ત્યાં વેચવા લાગ્યાં.

વહેલી સવારે ૪.૦૦ વાગે ફૂલ વીણવા અંધારામાં ઘણાં ફૂલ રહી જતાં. પોતે સોલર બત્તી ખરીદી. આ સોલર બત્તીના પ્રકાશ વડે દરરોજ ફૂલ વીણવામાં ૨૦% નો વધારો થયો.

હવે તેઓ 'રૂડી'માં ફોન વડે રૂડી સંદેશા વ્યવહારનું સંચાલન કરે છે. ખેડૂતો જોડે વોઈસ મેસેજથી સંકલન કરી ખરીદી કરે અને સેવાના સભ્યોને વોઈસ મેસેજથી રૂડીનો સામાન પહોંચાડે. પોતે દર મહીને દોઢથી પોણાબે લાખનું વેચાણ કરી ૧૫ હજારની આવક મેળવે છે.

હું વિધવા છું. પણ મારી ત્રણે દીકરીઓને ભણાવી. છેક કોલેજ સુધી એ સેવા સંગઠન અને ખેતી ઝૂંબેશના પ્રતાપે.

MOU સહી કર્યા બાદ અમે સેવાની રીત મુજબ ''અમે પાર કરીશું... ગાયું. FAO ના Director general ડેપ્યુટી ડાન ગુસ્તાફસન, ભારત, કેનેડા, સ્લોવાડીયા, સાઉથ આફ્રિકા, સ્વીડન ખાતેના એલચી તમામે સેવાને બીરદાવી આ MOU દ્વારા વિશ્વના ખેડૂતોની ખેતીને ક્લાઈનેટ રેસીલીયન્ટ અને ટકાઉ બનાવવાનું બીડુ ઝડપ્યું.

અમે સહમતી દર્શાવી – ''સેવા સંગઠન ઝીદાબાદ !!થી.

- **રીમા**

❑

## વિડીયો 'સેવા' મંડળીનો ૧૯મો વાર્ષિક અહેવાલ

શ્રી ગુજરાત મહિલા વિડીયો 'સેવા' માહિતી કોમ્યુનિકેશન સહકારી મંડળી લિ.ની ૧૯મી વાર્ષિક સાધારણ સભા તા.૩૦-૮-૨૦૧૬ના યોજાઈ ગઈ.



વિડિયોસેવાના મેનેજર દક્ષાબહેને સૌ પ્રથમ ગયા વર્ષની મિનિટસ્નું વાંચન કરી મંજુર કરાવી અને એજન્ડા જાણ્યા.

પ્રમુખસ્થાનેથી નમ્રતાબહેને આવેલા મહેમાનોનું સ્વાગત કરતાં કહયું અને વિડિયો 'સેવા'ના ભૂતપૂર્વ મેનેજર દર્શનાબેનને યાદ કરતા સભામાં એક મિનિટનું મૌન પાળ્યું. મંડળીની વાત કરતા જણાવ્યું કે, આ વર્ષ આપણાં માટે સંઘર્ષમય રહયું છે, ઘણી તકલીફો આવી, તેનો સામનો પણ કર્યો છે.

### વિડીયો સેવાના વર્ષના કાર્યો :

- આ વર્ષ દરમિયાન મંડળીની કામગીરીમાં તો ખાસ ૧૦૩ રીપ્લે થયા. તેમાં ૨૪૫૭ દર્શકો સુધી પહોંચ્યા છીએ. ગ્રામીણ કૌશલ્ય કેન્દ્ર અંતર્ગત ૩૯ રીપ્લે થયાં ને ૧૩૫૦ દર્શકો સુધી પહોંચ્યા. અને મોબાઈલ વાન દ્વારા ૪૦ રીપ્લે દ્વારા ૧૧૧૬ દર્શકો સુધી પહોંચ્યા. રીપ્લેમાં ટીવી દ્વારા એક રીતનું શિક્ષણનું

કાર્ય પણ કરીએ છીએ, વિસ્તારમાં નાના મોટા ઘણાં બધાં લોકો લાભ લેતા હોય છે. ઘણીવાર સેવામાં વિદ્યાર્થીઓ, સંશોધકો, દેશ પરદેશથી આવતા મહેમાનો કે ખાનગી સંસ્થાના હોદ્દેદારો જે 'સેવા'નું કામ સમજવા આવતા હોય જે શ્રમજીવી બહેનોના મુદ્દાને સમજવા આવતા હોય છે. તેમને માહિતી વિડિયો દ્વારા આપવાનું કામ કરે છે. આ વર્ષે મંડળી ૪૯૨૩ દર્શકો સુધી પહોંચી છે.

- આ વર્ષમાં ૬૩ શુટિંગ કર્યા, ૧૬૫ કેસેટનું લોગીગ કર્યુ છે. અને ૧૨૮ કેસેટોનું ડુપ્લીકેશન કર્યુ છે. શુટિંગ દ્વારા માહિતી એકઠી કરી ડોક્યુમેન્ટ તૈયાર કરીએ છીએ. આપણે ફક્ત આપણાં જ નહીં કોઈના ઘરના સામાજિક પ્રસંગે વિડિયો શુટિંગનું કામ પણ કરે છે, જેથી મંડળી પગભર થાય. તેમજ ગ્રામીણ કૌશલ્ય કેન્દ્રના રૂડીનો રેડિયોનાં શ્રોતા મંડલ, સેવા ચળવળ તાલીમ, સભ્ય શિક્ષણ તાલીમ, સંગઠનની તાલીમના શુટિંગ અને રીપ્લે કરી બહેનોને સંગઠનની ઉંડાણપૂર્વક સમજ પાડે અને તેમના જેવા બીજા બહેનોને જોઈને તાલીમાર્થી બહેનોનો આત્મવિશ્વાસ વધારે છે.

- ૧૪મી જાન્યુઆરીના દિવસે દૂરદર્શનની જાણીતી ચેનલ એમ.ટી.વી.માંથી વસોદરા ગામની મુલાકાતે ચાર છોકરીઓ બુલેટ મોટર-સાઈકલ પર આવી હતી. એમ. ટી. વી પર 'એંજલ્સ ઑફ રૉક' નામનો કાર્યક્રમ આવે છે, જેમાં મહિલાઓના વિકાસને, મહિલાઓનાં પ્રભાવશાળી કામને દર્શાવવામાં આવે છે અને આ લોકો એક જુદા અંદાજમાં સંગીતમયી બની ગીત ગાયા હતા. રૂડીનો રેડિયોની સાથે રહીને શ્રોતાબહેનોના મુખેથી તેમના અવાજમાં ભજન અને ગીતો સાંભળ્યા, વાતચીત કરી અને ગરબા રમ્યા હતા જેનું શુટિંગ વિડિયો સેવાએ કર્યુ હતું.

- ગુજરાત સમાચાર ટેલિવિઝન દ્વારા ૮મી માર્ચ મહિલા દિન નિમિતે વિડિયો સેવા સાથે રહી અમરાઈવાડી અને ઉનાલી ગામના સાક્ષરતામાં ભણાવતા બહેનો, સ્કીલ ડેવલોપમેન્ટની તાલીમ અને ટ્રેકનોલોજીનો ઉપયોગ કરી બહેનોનું શુંટિંગ કરાવ્યું. ગાંધીનગરમાં ડી.એસ.ટી. અંર્તગત સાયન્સ એક્સપ્રેસ ટ્રેન જે દેશ અને દુનિયાની અગત્યની માહિતી પહોંચાડવા માટે આ પ્રોગ્રામ તૈયાર કરી શુટિંગ કર્યુ. તેમજ વિકસત સંસ્થાના ડાયરેક્ટર શ્રી. દિલિપભાઈ સુરકરનું ઈન્ટરવ્યુ કર્યુ. તેમજ સમાજિક સલામતી અંતર્ગત બહેનો અને બાળકોમાં કુપોષણ અને બહેનો ખોરાકની કાળજી લે, જાહેર વિતરણ વ્યવસ્થાના પ્રોગ્રામ માટે શુટિંગ અને ફોટોગ્રાફી કરી છે. તેમજ અનાજની દુકાને જે મળે છે તે કેટલું અને સમયસર મળે તે અંગે જાણકારી આપતો કાર્યક્રમ તૈયાર કર્યો. આધાર કાર્ડની માહિતી આપતો પ્રોગ્રામ એરિયામાં લોકોને બતાવી જાગૃતિ લાવવાનું પણ કામ વિડિયો સેવા કરે છે.

- આ વર્ષે મંડળીએ માર્કેટીંગ દ્વારા ઓર્ડર કર્યા છે. ગુજરાત મહિલા સેવા સહકારી સંઘ (ફેડરેશન) દ્વારા તાપીમાં મેઘા મંડળીની બીજી સાધારણ સભાનું શુટિંગ કર્યુ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સૃષ્ટિ સંસ્થા દ્વારા આયોજિત થતાં સાત્વિક મેળામાં સાત્વિક વાનગીઓનો આનંદ માણ્યો અને આ પ્રસંગે વિડિયોસેવાએ શુટિંગ કર્યુ. શ્યામલ ચાર રસ્તા પાસે YCC ક્લીનીકના ઉદ્‌ઘાટનમાં ફોટોગ્રાફીનો ઓર્ડર મળ્યો. તેમજ મજુરગામથી ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે યોજાયેલી રેલીનું શુટીંગ, જોગણીમાતાના મંદિરમાં ફોટોગ્રાફીનો ઓર્ડર લઈ કામ કર્યુ. અભિલાષા ટસ્ટ્ર દ્વારા બાળકોને સમ્માનીત કરતાં ફોટોગ્રાફીનો ઓર્ડર કર્યો.

**વિડિયો સેવાની વર્ષ ૨૦૧૫-૧૬ની સિધ્ધિઓ :** નાસિકમાં અભિવ્યક્તિ સંસ્થા દ્વારા યોજાયેલ ''અંકુર ફિલ્મ ફેસ્ટીવલ''માં વિડિયો સેવાએ ભાગ લીધો, તેમાં પોષક આહાર પર ફિલ્મનું સ્ક્રિનિંગ થયું તેમાં ડાયરેક્ટ મુમેન્ટો અને પ્રમાણપત્ર મળ્યું. અને ઓ.એન.જી.સી. દ્વારા એક પ્રપોઝલ પાસ થઈ. વિડિયોસેવાએ વિડિયો કેમેરા, ફોટોગ્રાફી કેમેરા અને નવું એડિટીંગસિસ્ટમ જેવા સાધનો વસાવ્યા છે.

મંડળીના હિસાબનું સરવૈયું જયશ્રીબહેને વાંચી સંભળાવ્યું. મંડળીનું શેર ભંડોળ રૂા. ૧,૪૫,૮૦૦/- છે. ટોટલ આવક રૂા. ૪,૫૨,૧૩૬/- છે. જેમાં વર્ષ દરમિયાન ખર્ચ ૩,૪૮,૩૬૭/- થયો છે. અને નફો ૧,૦૩,૭૬૯/- થયો છે. આ સરવૈયું સભાએ સર્વાનુમતે મંજુર કર્યુ.

મંડળીની વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત મીડિયા વિમેન્સ ફોરમના માલતીબહેને મંડળીના બહેનોને સંબોધતા કહ્યું, હાલ દરેક ક્ષેત્રમાં પડકાર તો હોય જ છે, પરિવર્તન એ સાસ્વત છે, ટેકનોલૉજી બદલાતી જાય છે,અત્યારે બધા સ્માર્ટ ફોન કેમેરાથી ફોટા અને વિડિયો કરે છે તેથી ટેકનોલોજી સાથે બધુ જ બદલવું પડે, માર્કેટ પણ બદલવું પડે. ફોટોગ્રાફીના કોમ્પીટેશન થાય છે, તેમાં નાના-નાના ગ્રુપ આવે છે, વુમન પાવર સર્જ્ઞ છે.સાધનો બદલાય પણ આપણે આપણી આવડતથી કામ કરી શકાય. કોમ્પ્યુટરમાં ટુ ડી એનીમેશનનું સોફ્ટવેર નાંખીને ૨-૩ મિનિટની ફિલમ બનાવી શકાય.

પડકારો, ઉપલબ્ધિઓ અને ભાવિ આયોજનની ચર્ચા સાથે દક્ષાબહેને સૌનો આભાર માનતા 'અમે પાર કરીશું'..... ગીત ગાઈને સભા પૂર્ણ કરી.

**- દમયંતિ , વિડિયો સેવા**

❑

# ગુજરાતની હસ્તકલા કારીગરબહેનોનો 'ડિઝાઈન સેવા' હેરીટેજ હવેલીમાં મેળાવડો

ગુજરાતના કચ્છ, મહેસાણા, સુરેન્દ્રનગર, પાટણ અને અમદાવાદ જિલ્લાના કુલ ૧૫૦ હસ્તકલા કારીગર બહેનો અમદાવાદની ' ડિઝાઈન સેવા' હેરીટેજ હવેલીમાં પોતાની કલાકારીગરીના નમુના સાથે ભેગા થયા. પ્રસંગ હતો કારીગર બહેનોની હસ્તકલાને પોંખવાનો. રૂરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન અને નેશનલ કલ્ચર ફંડ સાથે મળીને છેલ્લાં ૩ વર્ષથી પ્રોજેક્ટ ચાલી રહ્યો હતો, કારીગર બહેનો અને મહેમાનો સાથે મળીને સમાપન સમારોહની ઉજવણી કરી રહ્યા હતા.




આ મેળાવડામાં કારીગર બહેનોનો ઉમંગ અનેરો હતો. બહેનોએ પોતાના અનુભવ જણાવ્યા.

- કચ્છથી આવેલા રાણીબહેન કહે, અમે તો મૂળ માલધારી છીએ. ઘેટા-બકરાનો વ્યવસાય કરીએ. ભરતકામ તો અમને આવડે પણ એ તો અમારાં ઘર માટેનું હોય. અમારું ભરતકામ બજારમાં પણ પહોંચે એ તો 'સેવા' સાથે જોડાયા ત્યારે જ જાણવા મળ્યું. તાલીમો અને સહકારી મંડળીથી અમારી કલા લોકો સુધી પહોંચી.

- સુરેન્દ્રનગરના વઢવાણના સોનલબહેન બાંધણીકામ કરે છે. સોનલબહેન કહે, આ તો અમારી વંશપરંપારગત કલા છે. અમારે ત્યાં તો દીકરી ૧૦ વર્ષની થઈ જાય ને આ કામ આવડી જાય. બજારમાં અમારાં કામની કિંમત છે એ વેપારની સમજ તો 'સેવા'માં જોડાયા પછી જ સમજાવા માંડી. બાકી અમે તો ભાવતાલ કાંઈ કર્યા વિના જ વેપારીને આપી દેતા.

- પાટણના આનંદીબહેન માટે તો પહેરવા પૂરતું ભરતકામ કરવાનું આ મંત્ર હતો. બાકી તો ખેતીકામ કરવાનું. પણ, હવે તો ભરતકામ વ્યવસાય બની ગયો છે. પહેલાં તો જાડા કપડાં ને જાડા દોરાઓથી ભરતકામ કરી દેતા પરંતું તાલીમો લીધા બાદ સુતરના મુલાયમ દોરાથી પાતળા કાપડ પર કલર ગોઠવીને ભરતકામ કરવા લાગ્યા. હવે, અમારાં કામના બજારમાં મોં માંગ્યા પૈસા મળવા લાગ્યા.

- અમદાવાદના રેહાતબહેન પેચવર્કમાં માસ્ટર બની ગયા છે. તાલીમ બાદ પેચવર્કમાં ખાસ્સી એવી ફાવટ આવી ગઈ છે. સિલાઈકામમાં પણ એકસાથે ૧૧૦ નંગ કટીંગ મશીન પર કટ કરી શકે છે.

- ખુદ્દાર મંડળીના સક્રિય સભ્ય આયેશાબહેનને પેચવર્ક, એપ્લિક, કોશિયો તથા જ્વેલરી મેકિંગના કલાકાર છે. કડી તાલુકામાં ૩૦૦ કારીગર બહેનોનું સંગઠન છે. આ પ્રોજેક્ટના ભાગરૂપે બધાં જ બહેનોએ તાલીમ લીધી અને એમાંથી આશરે ૫૦ બહેનો સ્વનિર્ભર બન્યા.

કાર્યક્રમના આરંભમાં સેવા ફેડરેશનના પ્રમુખ મિરાઈબહેને મહેમાનોનું સ્વાગત કરતાં જણાવ્યું, આજે આપણી કારીગર બહેનો સાથે પધારેલ મહેમાન કેન્દ્ર સરકારના જોઈન્ટ સેક્રેટરી અને સાંસ્કૃતિક મંત્રીશ્રી ચંદ્રપ્રાલ સિંહ, રાજીવ શર્મા-સીએમડી,આર.ઈ.સી., અગ્રવાલજી, ભાટીયાસાહેબ તેમજ ફેડરેશનના વડીલ લલિતાજી અને લાભુબહેનની ઉપસ્થિતિમાં ખરેખર તો આપણે સહુ એક નવી શરુઆત કરી રહ્યા છીએ.

*આજે તો આપણી ' ડિઝાઈન સેવા'ના હેરીટેજ હવેલી કારીગર બહેનોની હસ્તકલાની નિશાની બની છે. સેવા ફેડરેશનની શરુઆત એ સહકારી મંડળીઓની ચળવળ છે. સહકારી મંડળીની માલિક બહેનો છે, તે જ સંચાલક છે, તે જ વેપારી છે, સામુહિક સૌદા શક્તિ સાથે જોડાય છે અને મુખ્ય બજાર સુધી પહોંચે છે.*

*ફેડરેશનના પૂર્વ પ્રમુખ લલિતાજીએ પોતાની યાદોને વાગોળતા કહ્યું, આ પ્રોજેક્ટ દ્વારા વિસરાતી જતી કળાને જીવંત કરવાનો હેતુ તો હતો જ તેની સાથે-સાથે 'ડિઝાઈન સેવા'ની હવેલીને એક નવો ઓપ આપવાનો પણ ધ્યેય હતો. આ ત્રણ વર્ષના પ્રોજેક્ટમાં બહેનોને વિવિધ તાલીમો આપવામાં આવી અને બહેનોની કારીગરી વધુ દીપી ઉઠી અને સાથે-સાથે 'ડિઝાઈન સેવા'ની હવેલી પણ હેરીટેજમાં સ્થાન પામી.*

*ખરેખર તો આ ઉત્સવ બહેનોની કલાકારીગરીને પોંખવાનો હતો તેથી બહેનોના અનુભવોની વાતો વધુ મહત્ત્વની રહી.*

*પધારેલ મહેમાનોએ પણ બહેનોના કામને જોયુ, જાણ્યું ને કહયું કે, આ ખરેખર હસ્તકલાનો પર્વ છે. ત્રણ વર્ષના આ પ્રોજેક્ટમાં સાચા અર્થમાં બહેનોની વિસરાયેલી હસ્તકલાને પુનઃજીવીત કરવામાં આવી અને બહેનો તાલીમો લઈને વધુ નિપુણ બન્યા છે.*

*હસ્તકલા અને રંગોથી તરબતર આ ઉત્સવનું સમાપન પણ સપ્તક સંસ્થાના કલાકારો દ્વારા પીરસાયેલા સંગીતના જલસાથી થયું.*

***- રચના, હસુમતી***

❑

# *શ્રધ્ધાંજલિ*

## *શરીતભાઈ ભૌમિક, મારાં સ્મરણમાં...*



*આજથી ૨૫ વર્ષ પહેલાં અસંગઠિત ક્ષેત્રના કામદારોની કાર્યશાળામાં પ્રથમવાર હું શરીતભાઈને મળી હતી.તેમનું તરવરાટવાળું વ્યક્તિત્વ, બહોળું જ્ઞાન, કામ અને કામદારો માટેની તેમની કર્તવ્યનિષ્ઠાથી પ્રથમ મુલાકાતમાં જ હું તેમનાથી અભિભૂત થઈ ગઈ હતી. એ પછી અમે સાથે ઘણું કામ કર્યું.*

*શરીતભાઈ દરેક કામમાં ઉંડાણપૂર્વક જોડાયેલા હોય, પછી એડવોકેસી હોય, કોઈ મુદ્દા પર અભ્યાસ કરવાનો હોય કે કોઈ પણ કામદારની વાત હોય પછી તે ચ્હા-બાગાનના કામદાર, વેચનાર, ઘરખાતાના કામદાર હોય તેમની લાગણીઓ અને ધીરજને દાદ આપવી પડે. તેમનો સંગઠન શક્તિ પર પાક્કો વિશ્વાસ પરંતું, સંગઠનને મજબૂત કરવા માટેના વધુ ને વધુ અસરકારક રસ્તાઓ શોધતા રહેવામાં તે માનતા હતા.*

*અમે મળ્યા પછી શરીતભાઈને 'સેવા' અને ખાસ કરીને સાવ છેવાડાની અસંગઠિત ક્ષેત્રની બહેનોનું સંગઠન કેવી રીતે કાર્ય કરી રહ્યું છે તે જાણવામાં વધુ રસ પડ્યો. તે 'સેવા'માં આવ્યા, સભ્યબહેનોને મળ્યા ને પછી તો જીવનપર્યંત 'સેવા'ના સાથીદાર બનીને જ રહ્યા. તેમણે 'સેવા' સંગઠન અને કામદાર બહેનો પર ઘણાં લેખો લખ્યા.*

*શરીતભાઈ જીવનપર્યંત કામદારોના અધિકાર માટે લડતા રહ્યા. તેમની અંગત કોઈ મહેચ્છા નહોતી. શરીતભાઈ યુનિવર્સિટીએ ફાળવેલ નાનકડા ઘરમાં તેમના પત્ની મિનાક્ષી અને દીકરા સાથે રહેતા હતા. આ મધ્યમવર્ગી જીવન જાણે એમને કોઠે પડી ગયું હતું. તેમના ઘરમાં હંમેશાં મીઠો આવકાર મળે તેમના પત્ની મિનાક્ષીના હાથનો ચ્હા-નાસ્તો પણ તૈયાર જ હોય.*

*શરીતભાઈ વેચનારના અધિકાર માટે લડનાર પ્રખર વકીલ હતા. તે જ્યારે મુંબઈ યુનિવર્સિટીમાં ભણાવતા હતા ત્યારે તેમણે વેચનારની સમસ્યાઓ પર આધારિત સંશોધનાત્મક અહેવાલ તૈયાર કર્યો હતો.વૈશ્વિકરણના આ જમાનામાં વેચનાર જાણે કે હાંસિયામાં ધકેલાઈ ગયો હોયતેવું લાગે છે અને તેમના માટે કોઈ નક્કર કામ કરવું અનિવાર્ય બની ગયું છે તેવું તેમના અભ્યાસમાંથી બહાર આવતું. વેચનારને દશ્યતા મળે, નીતિવિષયક નિર્ણય લેનાર તેમજ રાજકીય રીતે વેચનારની સમસ્યાઓને અગ્રતા મળે તે પણ તેમના અભ્યાસમાંથી બહાર આવતું. અરવિંદસિંહ એક યુવાન વકીલ, તેમણે વેચનારના મુદ્દાઓને રાષ્ટ્રિય સ્તરે એક નેટવર્ક ઊભું કરી નીતિ વિષયક નિર્ણયોમાં સ્થાન મળે તે માટે કામ કરવાની તૈયારી બતાવી. મનાલી શાહ 'સેવા'ના વેચનાર સભ્યોના મુદ્દાઓને રાષ્ટ્રીય સ્તરે પહોંચાડવા સતત કાર્યશીલ હોય છે. અમે ત્રણે જણાંએ વેચનારના મુદ્દાઓને આવરા લઈ વિગતવાર અભ્યાસ કરવા માટે શરીતનો સંપર્ક કર્યો. શરીત ફૂલ ટાઈમ ભણાવે અને અન્ય કામોમાં રોકાયેલ હોવા છતાં અમારી માંગણી તુરંત જ સ્વીકારી અભ્યાસ માટે તૈયારી બતાવી.*

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17 Issued by S.S.P. Valid up to 31-12-2017.**

**Ahmedabad P.S.O.**
**6-10-2016**

આ અભ્યાસ વેચનારના મુદ્દાઓને દશ્યમાન કરવાની એક પ્રક્રિયા હતી જેના ભાગરૂપે ભારતભરના વેચનારના સંપર્કમાં આવ્યા. વેચનારની ઓછી આવક, કામની અસલામતી, હિંસા, કનડગત, કામની ઓછી તક વિગેરે મુદ્દાઓ બહાર આવ્યા. તેની સાથે સાથે શહેરના આર્થિક વૃદ્ધિ દરમાં વેચનારનું યોગદાન પણ ધ્યાનમાં આવ્યું. શહેરના મધ્યમ અને ગરીબ વર્ગના લોકોની જરૂરિયાતની વસ્તૂઓ ઓછા ભાવે પૂરું પાડતાં આ વેચનારનું મૂલ્ય ઓછું ન આંકી શકાય. આ અભ્યાસ નીતિવિષયક નિર્ણય લેનાર અને અભ્યાસુઓ માટે એક સીમાચિન્હ બની રહ્યો.

જો કે, શરીતની નિસબત માત્ર અભ્યાસ પૂરતી સીમિત ન રહી, તેમણે મુંબઈ અને કોલકાતાના વેચનાર સાથે કામ કરવાનું શરુ કરી દીધું. તે શહેરના વેચનાર અને શહેરી આયોજન અધિકારીઓ વચ્ચે, વેચનીર અને તેના ગ્રાહકો વચ્ચે સેતૂ બન્યા. વેચનારના અવાજને મુખ્યપ્રવાહ સુધી પહોંચાડવા માટે સતત અખબારોમાં લખતા રહ્યા.

'સેવા'ના અથાગ પ્રયાસો બાદ વેચનારનાં અધિકારો માટે રાષ્ટ્રીયસ્તરની એક કમીટીનું ગઠન થયું. શરીત પણ આ કમીટીનાં અક સભ્ય હતાં. તેમનો અભ્યાસ વેચનાર માટેની નીતિ ઘડવા માટે મહત્વનો સાબિત થયો. શરીતનું લેખન અને અભ્યાસ ઉંડાણપૂર્વકના હોય, નાવીન્ય હોય અને મુદ્દાઓને વિશિષ્ટતાપૂર્વ કંડારાયેલા હોય.

હું એમને વધુ ને વધુ લખવા માટે હંમેશા કહેતી. તે લેખનની સાથે-સાથે ચર્ચા દ્વારા પણ મુદ્દાઓને વધુ સચોટ રીતે રજૂ કરી શકતા હતા. તે એના માટે પણ હંમેશાં તત્પર રહેતા. જો કે એમને લેખનનું કામ પૂરું કરવા માટે હંમેશાં જોર કરવું પડે. એમના માથે શૈક્ષણિક જવાબદારીઓ, બીજી પ્રવૃત્તિઓનું ભારણ પણ ખરું.

છેવાડાના લોકો સાથેની નિસબત અને જોડાણને કારણે તેમની આંતરરાષ્ટ્રીયફલક સુધી નોંધ લેવાઈ. તેમના લેખો આંતરરાષ્ટ્રીય જનરલના ભાગ બન્યા. તે જાણીતી યુનિવર્સિટીઓના ચેરપર્સન બન્યા. અસંગઠીત ક્ષેત્રના કામદારો માટેનું આંતરરાષ્ટ્રીય નેટવર્ક 'વીગો'માં મારાં સહકાર્યકર્તા બન્યા. તેમજ ગ્લોબલ લેબર યુનિવર્સિટીના નેતા બન્યા.

હું શરીતભાઈને બહુ મળી શકતી નહોતી પરંતું તેમનો બુલંદ અવાજ મારા મસ્તિષ્કમાં જાણે પડઘમની માફક ગાજતો રહેતો હોય એવું લાગે છે. હું તેમને વાંચતી હતી, તેમને જાણતા હોય તેમની પાસેથી તેમના વિશેની વાતો સાંભળતી હતી. શરીતભાઈની બહુ જ યાદ આવશે. તેમનો અવાજ, તેમનું લેખન, તેમનું કાર્ય હંમેશાં આપણી સાથે રહેશે. તેમનો જુસ્સો, બુધ્ધિમતા, સક્રિયજીવન અને સતત કામદારો માટે જીવવાની ખેવના આવનાર પેઢી માટે પથદર્શક બની રહેશે.

'સેવા' તરફથી શરીતભાઈને શ્રધ્ધાંજલિ…

**- રેનાના ઝાબવાલા**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

અનસૂયા

**06-10-2016**

Mkuðk rhMkuÃþLk MkuLxh
rx¤f çkkøk Mkk{u, ¼ÿ,
y{ËkðkË - 380 001